

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં શ્રી નવદુર્ગા મંડળ આયોજીત આઠમની મધ્યરાત્રીએ માતાજીનો ભવ્ય દેખાવ,સમુહ આરતીનો કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડામાં વર્ષોની પરંપરા અનુસાર શ્રી લક્ષ્મીનારાયણ મંદીર પાસે ચોકલી ચોકમાં શ્રી નવદુર્ગા મંડળ આયોજીત નવરાત્રી મહોત્સવ યોજાયો.આસો સુદ આઠમની મધ્યરાત્રીએ ૧:૦૦ વાગ્યાના સુમારે માતાજીનો દેખાવ યોજાયો હતો.શ્રી નવદુર્ગા મંડળ પ્રમુખ સહિત કાર્યકરોના જણાવ્યા મુજબ આ અદ્‌ભુત દેખાવની એક ઝાંખીની વિશિષ્ટતા એ છે કે શાસ્ત્રોમાં વર્ણાવ્યા મુજબ બાળકુંવારી બાળાઓને વિધ્વાનો ધ્વારા વિધિવિધાન પુર્વક પૂજન,અર્ચન કરી માતાજી સ્વરૂપે બેસાડી સમૂહ આરતીનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.સમૂહ આરતીનો લાભ લેવો એ પણ એક અદભૂત લહાવો છે.માતાજીનો દેખાવ ગુજરાતમાં લગભગ ક્યાય ન થતો હોવાની લોકવાયકા છે.બાળ કુંવારી બાળાઓમાં શક્તિ પ્રવેશ થવાથી કુંવારી બાળાઓ તેજોમય બને છે.માં અંબા ભવાની,માં મહાકાળી,ભૈરવજી સ્વરૂપની અનુભતી ભાવિક ભક્તો કરતા હોય છે.આ વર્ષોની પરંપરા મુજબ વડવાઓ ધ્વારા પરાપુર્વથી ચાલતી આવે છે. ૨૧મી સદીના હાઈટેક યુગમાં પેઢી દર પેઢી ક્રમ અનુસાર માતાજીનો દેખાવ આઠમની મધ્યરાત્રીએ યોજાય છે.માતાજીના દેખાવની પરંપરા આજે પણ જળવાઈ રહી છે.નવરાત્રી મહોત્સવ,આઠમના દેખાવ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી નવદુર્ગા મંડળ,ચોકલી ચોક,ભિલોડાના સેવાભાવી કાર્યકરો,ગ્રામજનોએ નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.માતાજીના દેખાવ નિમિત્તે ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ સહિત ભિલોડાનગરના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમુહ મહાઆરતીનો લાભ લીધો હતો.ભાવિક ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.તસ્વીરમાં માતાજી સ્વરૂપે બેસાડેલ કુંવારી બાળાઓ તેમજ ભાવિક ભક્તો દ્દષ્ટીગોચર થાય છે.

# પાલનપુરમાં રીક્ષામાં દવાખાને જતુ દંપતી લુંટાયુ

## રીક્ષાચાલકે તેના સાથી સાથે મળી સીફ્તપૂર્વક ચોરી કરી છૂમંતર થઈ ગયા

પાલનપુર, તા. ૩

પાલનપુર શહેરમાં મુસાફરોને રીક્ષામાં બેસાડી લુંટી લેતી અને તેમનો સામાન ચોરી લેતી ટોળકીએ ભારે આતંક મચાવ્યો છે. શહેરીજનો માટે હવે રીક્ષામાં મુસાફરી કરવી પણ ખતરારૂપ સાબિત થઈ રહી છે. પાલનપુરમાં આવો જ એક કિસ્સો ગત રોજ બન્યો હતો જેમાં દંપતિનું રૂપિયા ભરેલુ પાકીટ ગઠીયા સેરવી પલાયન થઈ ગયા હતા.

રાજસ્થાનના શિહોરના રહીશ લાલારામ ચૌધરી તેમની પત્નીને દવાખાને સારવાર માટે પાલનપુર લઈ જઈ રહ્યા હતા. દરમિયાન દંપતિ ઓવરબ્રીજથી રીક્ષામાં બેઠા હતા રીક્ષા ચાલકે તેમને અમીર રોડ ઉતાર્યા હતા ત્યારે લાલારામે રીક્ષાચાલકને ભાડાનું પુછતા રીક્ષાચાલકે ભાડુ લેવાની ના પાડતા તેઓ આભાર વ્યક્ત કરી ડૉક્ટરના દવાખાને ગયા હતા જ્યાં ડૉક્ટરની ફી આપવા માટે ખીસામાં હાથ નાખતા ખીસામાંથી પર્સ ગાયબ હતુ. લાલારામ સમજી ગયા હતા કે રીક્ષાચાલકે તેના સાથી જોડે મળી પાકીટ સેરવી પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા માં સ્વરછતા અભિયાન અંર્તગત મશાલ રેલી યોજાઈ હતી જેમાં જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ સરકારી અધિકારીઓ નાગરીકો શાળા ના બાળકો સહિત નગરપાલિકા ના કર્મચારીઓ જોડાયા હતા. સરકાર ધ્વારા ગંદકિ માં થી દેશ સુધારવા માટે એક અભિયાન ચલાવવામાં આવયુ છે.જે અંર્તગત દેશના ખુણે ખુણે સ્વરછતા અભિયાન ભલાવવામાં આવ્યુ છે. ત્યારે આ અભીયાન માં અરવલ્લી જિલ્લો પણ બાકાત રહયો નથી તો જીલ્લા ના કેકટર એવા બી.જે.ભટ્ટ ના નેતૃત્વ હેઠળ સરકારી અધિકારીઓ નગરપાલિકા ના અધિકારીઓ અને મોડાસા ના નગરીકો શાળાના બાળકો એક મુલ મળી આશે ૨૦૦ થી વધુ લોકો આ મશાલ રેલી માં જોડાયા હતા જયારે કલેકટરે નાગરીકો તથા અધિકારીઓ ને વિનંતી કરી હતી કે આજ થી સૌ પ્રથમ આપણુ ઘર સ્વરછ કરીશુ ત્યાર બાદ મહોલ્લા શહેર રાજય અને ધીરે ધીરે કરી ને ગંદકી થી પુરો દેશ સાફ કરીશું.

# બાયડ પી.એસ.આઈ.ની ખાલી જગ્યા ભરવા લોક માંગ

## બાયડ તાલુકામાં ઘરફોડ ચોરીઓ અને ચીલ ઝડપ જેવી અસામાજીક પ્રવૃતીઓ પર અંકુશ મુકવા માંગ

બાયડ, તા.૩

અરવલ્લી જીલ્લા નુ તાલુકા મથક બાયડ શહેર નુ પોલીસ સ્ટેશન છેલ્લા કેટલાય સમય થી ઈ.ચાર્જ અધિકારી ધ્વારા ચાલી રહયુ હોવાનુ જાણવા મળેલ છે. છેલ્લા કેટલાક સમય થી આરોગ્ય શિક્ષણ અને વેપાર ઉદ્યોગ ધંધા ની સવલતો ને લિધે વિસકસતુ બાયડ તાલુકા મથક ના પોલીસ સ્ટશે ન કોઈ પોલીસ સબ ઈન્સપેકટર ની નીમણુક થયેલ નથી તે આશ્ચર્ય જનક બાબત છે. છેલ્લા કેટલાક સમય થી બાયડ નગર માં અને તાલુકા ના ગામડાઓ માં ઘરફોડ ચોરીઓ અને ચીલ ઝડપ ના બનાવો નુ પ્રમાણ ચિંતા જનક રીતે વધી રહયુ છે જેમાં બાયડ નગરની સોસાયટીઓ અને તાલુકા મથક ના પાદરે આવેલ રડોદરા ગામમાં તાજેતર માં ઘરફોડ ચોરીઓ ની દુર્ગટનાઓ એ તાલુકા માં તસ્કર રાજ હોવાનુ સાબિત કર્યુ છે બાયડ તાલુકા ના વાત્રક અને સાઠંબા ખાતે કવોરી ઉદ્યોગ ને લીધે પરપ્રાંતીય કામદારો ની આવજાવ વધારે પ્રમાણ માં હોય છે જેની આડ માં અનેક પ્રકાર ની અસામાજીસક પ્રવૃતીઓ ને પ્રોત્સાહન મડતુ હોવાની શંકા છે અસામાજીક તત્વો માં પોલીસ નો ભય રહે અને આમ પ્રજા નો વીશ્વાસ નુ વાતાવરણ સર્જાય તે માટે જીલલા પોલીસ વડા દ્રારા અંગત રસ લઈ બાયડ પોલીસ સ્ટેશન ને કાયમી પો.સ.ઈ ની નિમણુક કરવી જરૂરી છે દિવાળી જેવા મહાપર્વ તહેવારો ની સિઝન માં બજારો માં ખરીદી ની ભીડ જોવા મળી રહી છે. ત્યારે સલામતી જળવાય તે માટે જિલ્લા પોલીસ વડા રીર્જવ સ્ટાફ માં થી કાયમી પો.સ.ઈ ની નીમણુક કરે તેવી પ્રજાની લાગણી અને માંગણી છે.

# હિંમતનગરમાં સફાઈ ઝૂંબેશ : રમણલાલ વોરાએ શહેરના માર્ગોની સફાઈ કરી

હિંમતનગર, તા. ૩

આજથી શરૂ થયેલ મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત અભિયાનનો મંગલ-રંભ રાજયના સમાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના હસ્તે ઈડર અને વડાલીના માર્ગોની સફાઈ હાથ ધરી હતી.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ઈડર નગરપાલિકાથી શરૂ થયેલા આ સફાઈ મહાભિયાનમાં શહેરના બસ સ્ટેશન સુધીના વિવિધ માર્ગોની સફાઈ હાથ ધરી હતી આ ઉપરાંત વડાલીના રેપડી માતા મંદિરથી રામનગર સુધીના વિવિધ રસ્તાઓના સફાઈ કાર્યક્રમ બાદ ઉપસ્થિત શહેરના નાગરીકોને આ અભિયાનમાં જોડાવાની અપીલ કરતા જણાવ્યું હતું કે, અન્ય દેશના નાગરિકો સ્વચ્છતાને પોતાના જીવનનો એક ભાગ ગણે છે તેથી જ દેશમાં સ્વચછતાના -તિક બન્યા છે. આપણે ત્યાં વ્યક્તિગત સફાઈ ઉચ્ચકોટિની છે, પરંતુ સાર્વજનિક સફાઈની વાત આવે ત્યારે આપણે ઉણા ઉતરીએ છીએ. સ્વચ્છ ભારતના અભિયાનને સફળ બનાવવા, વ્યક્તિગત સફાઈની સાથે સાર્વજનિક સફાઈનો અભિગમ કેળવવાની જરૂરિયાત છે. સાથોસાથ દરેક નાગરિક સફાઈ માટે વાર્ષિક ૧૦૦ કલાક શ્રમદાન કરવાનો સંકલ્પ કરશે તો જ આપણે સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરી શકીશુ. તેમણે યુવાપેઢીને સફાઈ માટે જાગૃત્ત થવા આહવાન કર્યુ હતુ.

આ -સંગે -ધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ‘સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત’ અભિયાનમાં જોડાઈ સ્વચ્છતા માટે માટે સંકલ્પબધ્ધ થવા મંત્રીએ અપીલ કરી હતી.

આ ગાંધી જયંતિના પાવન પર્વે મંત્રી ખાદી ગ્રામોધોગમાંથી ખાદીની ખરીદી કરી ગ્રામ સ્વરોજગાર કાર્યક્રમને વધુ વેગવંતો બનાવવા અપીલ કરી હતી.

આ સફાઈ મહાભિયાનમાં ઈડર નગરપાલિકા -મુખ કુલદિપસિંહ જાડેજા, તાલુકા પંચાયતના -મુખ પંકજભાઈ દેસાઈ, પૂર્વ -મુખ અશ્વિનભાઈ પટેલ, અગ્રણી પૃથ્વીરાજભાઈ પટેલ, સામાન્ય વહિવટ વિભાગના સચિવ ધનંજય દ્રિવેદી, કલેકટર બંછાનિધિ પાની, જિલ્લા પોલીસ વડા -વિણ માલ, અધિક કલેકટર એસ.ડી. ધાનાણી, -ંત અધિકારી જે.જે.નિનામા, મામલતદાર ગૌતમ, નગરપાલિકા ચીફ ઓફિસર -ણવ પારેખ સહિત જિલ્લાના તમામ અધિકારી અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# રામસણ ગામે યુવાને ઝેરી દવા ગટગટાવી જીવન ટુંકાવ્યુ

ધાનેરા, તા. ૩

રામસણ ગામે ગતરોજ યુવાને કપાસમાં નાખવાની ઝેરી દવા ગટગટાવી જતા સારવાર દરમિયાન તેનું મોત થવા પામ્યું હતું.

રામસણ મુકામે રહેતા જયંતિ પરમાર (ઉં.વ.૩૨) અગમ્ય કારણોસર પોતાના ખેતરમાં જ કપાસમાં નાખવાની દવા પી લીધી હતી. બાદમાં યુવકને બેભાન અવસ્થામાં તેની દીકરી જોઈ જતા પરિવારજનોને જાણ કરી હતી. આથી તાત્કાલિક યુવાનને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું કરૂણ મોત થવા પામ્યું હતું. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા પરંપરાગત ગરબા

ધનસુરા નજીકના વડાગામ ખાતે નવરાત્રી પર્વે વડાગામ કેસરશ્યામ સમાજ વાડી ખાતે કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા પરંપરાગત ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા મહોત્સવમાં સમાજના ખેલૈયાઓ સંગીતના તાલે ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. (તસવીર : બાબુભાઈ પટેલ)

# માલપુરના ગોવિંદપુર નજીકથી ગેરકાયદેસર લાકડા ભરેલી બે ટ્રક ઝડપાઈ

## વન વિભાગની ટીમે રૂ. ૫ લાખના મુદ્દા માલ સાથે બેની અટકાયત કરી

મોડાસા, તા.૩

માલપુર તાલુકાના ગોવિંદપુર નજીકથી માલપુર આર.એફ.એની ટીમે આજે રૂ. ૫૦ હજારના ગેરકાયદેસર



(તસવીર : જય અમીન, મોડાસા)

લાકડાના જથ્થા સાથે બે ટ્રક ઝડપી પાડી હતી અને કુલ ૫ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લા એ.સી.એફ. એન.પી. મેવાડાના માર્ગદર્શન હેઠળ માલપુર રેન્જ ફોરેસ્ટ ઓફિસર કે.એચ. મકવાણા ટીમ સાથે નાઈટ પેટ્રોલીંગમાં હતા દરમિયાન ગાજણથી ગોવિંદપુર માર્ગ પર ટ્રક નં. જીજે-૯-વી-૪૨૯૪ તથા અણીયોર-સરસોલી માર્ગ પર ટ્રક નં. જીજે-૭-યુ ૫૧૬૯ પર શંકા જતા તેને અટકાવી તેની તપાસ કરતા તેમાંથી ગેરકાયદેસર લાકડાનો જથ્થો મળી આવ્યો હતો. ટીમે રૂ. ૫૦ હજારની કિંમતના લાકડાનો જથ્થો અને ટ્રક મળી કુલ ૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યોહતો



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગઈ કાલે ભારત ભરમાં દેશ ના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ધ્વારા સફાઈ અભિયાન ઝુંબેશ હાથ ધરવામાં આવ્યુ હતુ ત્યારે મોડાસા ખાતે આવેલ માર્કેટયાર્ડ માં અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે.ભટ્ટ ધ્વારા સફાઈ કરી આ અભિયાન ની જિલ્લા માં શરૂઆત કરી અતી આ અભિયાન માં માર્કેટયાર્ડ ના ચેરમેન ચંદુભાઈ પટેલ અને સદસ્યો જોડાયા હતા અને પોતે ઝાડુ ઉપાડી ને સફાઈ કરી હતી સાથે જ જીલ્લા કલેકટર ધ્વારા માર્કેટયાર્ડ ના વહેપારીઓ થી માંડી ને પોતે સવરછતા રાખે અને નિયમીત સફાઈ રાખે તે માટે ચર્ચા કરવામં આવી હતી અને માર્કેટયાર્ડ ના વહેપારીઓ ધ્વારા કેકટર ને માર્કેટયાર્ડ માં સફાઈ રાખવા માટે ખાત્રી આપવામાં આવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦